મગરમચ્છ



એવલિન શો

ચિત્ર: ફ્રાન્સસ ઝવેઈફેલ





મગરમચ્છ




મગરમચ્છ

એવલિન શો

ચિત્ર: ફ્રાન્સસ ઝવેઈફેલ









સવારનું ધુમ્મસ કળણને સંતાડે છે.

એ વૃક્ષો અને વનસ્પતિને પણ સંતાડે છે.


અને આરામ કરતા જાનવરોને પણ.



સવારની રોશની તેજ થતી જાય છે.

જાનવર હલવાનું શરુ કરે છે.





રકૂન અને રીંછ

એના પગ છૂટા કરે છે.

પક્ષી એનું માથું ઉઠાવે છે

અને ચારે બાજુ જૂએ છે.



એક માદા મગરમચ્છ
ખાડી પાસે ઘાસની
ચટાઇ પર બેઠી છે.

માદા મગરમચ્છ દસ ફીટ લાંબી છે.
એ એટલી મોટી છે કે એ
અન્ય જાનવરોથી સુરક્ષિત છે.


મગરમચ્છ હલવાનું શરુ કરે છે.


એ એક માદા છે.

લગભગ એક મહિના પહેલા,

એણે એક નર મગરમચ્છ

સાથે સંભોગ કર્યો હતો.





હવે એના ઇંડા મૂકવાનો

સમય આવી ગયો છે.

એને ઇંડા માટે

એક માળો બનાવવો પડશે.

એ એના માળા પર

ઘણા દિવસો સુધી કામ કરે છે.

ઘાસને સમતળ બનાવવા માટે

એ એની ઉપર એનો પગ પછાડે
છે.

એ એના મોટા મોઢાથી

નાના ઝાડમાંથી ડાળીઓ

અને પાંદડા તોડે છે.

એ એનાથી સમતળ ઘાસની

ઉપરથી સફાઇ કરે છે.



એ સરોડાં તોડે છે

અને એને એના માળામાં ખેંચી લાવે
છે.

એ પાણીમાં ગોથા ખાય છે અને

પાણીની વનસ્પતિ ઉખેડે છે.

વનસ્પતિના મૂળિયાંમાં

માટી લાગેલી હોય છે.

મગરમચ્છ એને એના

માળા પર રાખે છે.



માળો ઊંચો અને ઊંચો થતો જાય છે.

એ વનસ્પતિ, ડાળીઓ અને માટીનો

એક મોટો ભીનો ટેકરો બની જાય છે.

એ લગભગ બે ફીટ ઊંચો હોય છે.

માઁ મગરમચ્છ માળામાં ચાલીસ ઇંડા મૂકે છે.

એ ઇંડાને વનસ્પતિ અને માટીથી

ઢાંકે છે.

માટી અને વનસ્પતિ, ઇંડાને સંતાડે છે.





ઇંડા દેખાતા નથી.

પણ થોડા જાનવર એને

માળામાંથી ખોદીને કાઢી લેય છે.

રકૂન અને રીંછ,

મગરમચ્છના ઇંડા ખાય છે.

એક રીંછ, એ બધા


ચાલીસ ઇંડા ખાઇ શકે છે.

એટલે માઁ મગરમચ્છ

વધારે સમય એના

માળા પાસે જ રહે છે.





પણ ક્યારેક એને

માળો છોડવો પડે છે.

એને ખાવા માટે માછલીઓ

અથવા કાચબા શોધવા પડે છે.

એક સવારે મગરમચ્છ


એના માળાથી દૂર છે.

એ ભોજનની શોધમાં છે.

એક રકૂન માળા પાસે

વનસ્પતિ વચ્ચેથી આવે છે.

એ પણ ભોજનની શોધમાં છે.



રકૂન મગરમચ્છના માળાને જૂએ છે.

એ ઇંડા મેળવવા માટે

ટેકરામાં ખોદવાનું શરુ કરે છે.




અચાનક, માઁ મગરમચ્છ એનું મોટું માથું

પાણીની બહાર કાઢે છે.

એ સૂંઘે છે અને જોરથી

સુસવાટાનો અવાજ કરે છે.





એ માળા તરફ જલ્દીથી આવે છે.

રકૂન જેટલી જલ્દીથી ભાગી શકે,


ત્યાંથી ભાગી જાય છે.



ઉનાળો વીતી જાય છે.

માઁ મગરમચ્છ બે મહિનાથી

એના ઇંડાની રખેવાળી કરી રહી છે.



ઓગસ્ટના અંતમાં એક રાતે

એ માળા પાસે આરામ કરી રહી છે.



અચાનક, એને એક

અજબ અવાજ સંભળાય છે.

બે માણસો ખાડીમાં નાવ ચલાવી
રહ્યા છે.




એ શિકારી છે

જે મગરમચ્છની શોધમાં છે.

એ મગરમચ્છને મારવા ચાહે છે.

એ એની ખાલ વેચવા ચાહે છે.





માઁ મગરમચ્છ સાવ શાંત બેઠી છે.

એક શિકારી એના પર એની બંદૂક ચલાવે છે.

ગોળી એની પીઠના ઉપરના ભાગમાં વાગે છે.

પણ એને કોઇ ઇજા નથી થઇ.

એ એના નાના પગ વાળીને


એના શરીર પાસે લાવે છે.

એ એની શક્તિશાળી પૂંછડી હલાવે છે.

પછી ખાડીમાં ગોથું લગાવે છે

અને પાણી નીચે ગાયબ થઇ જાય છે.





ખાડીના નીચાણવાળા ભાગમાં
જઈને એ ફરી ઉપર આવે છે .
એ એટલી સ્થિર રહે છે કે
એ એક તરતા ઢીમચાં જેવી
લાગે છે.
પછી એ એના માળામાં પાછા
ફરવાની કોશિશ કરે છે.
પણ શિકારી હજી ત્યાં જ છે.

એને એના માળાથી

દૂર રહેવું પડે છે.

માળામાં મગરમચ્છના બચ્ચા

ઇંડામાં થી બહાર નીકળવા લાગ્યા છે.

વધારે અને વધારે બચ્ચા એના ઇંડાનું કવચ
તોડીને બહાર આવે છે.

પણ એ માળાની બહાર જઇ શકતા નથી.





એ પેલી વનસ્પતિમાં થઇને

બહાર નથી નીકળી શકતા

જેનાથી એ ઢંકાયેલા છે.

જો એ જલ્દીથી બહાર નહીં નીકળે,

તો એ મરી જશે.


ઇંડાના કવચમાંથી બહાર નીકળ્યા પછી

એને હવા અને ભોજનતની જરૂરત હોય
છે.




માઁ મગરમચ્છે એને કાઢવા પડશે,

પણ એ પાછી માળામાં જઇ શકતી નથી.



ત્યાં શિકારી બીજી મગરમચ્છને
પાણી ની બહાર નીકળતા જૂએ છે.
એ માઁ મગરમચ્છથી પણ મોટી છે.
એ નાવમાં એની પાસે જાય છે.





એક માણસ એના પર ગોળી ચલાવે
છે.

પણ એ એને વાગતી નથી.

મગરમચ્છ જોરથી ગર્જના કરે છે.


એ નાવ તરફ જવા લાગે છે.



એક શિકારી નાવમાં પડી જાય છે.

બીજો શિકારી નાવને

જેટલી જલ્દી બની શકે દૂર લઇ જાય
છે.



હવે માઁ મગરમચ્છ માટે

એના માળામાં પાછા ફરવું સુરક્ષિત છે.

એ પાણીમાંથી બહાર નીકળે છે

અને માળા પાસેજ આરામ કરે છે.





એ માળાની અંદર બચ્ચાનો ધીમો અવાજ સાંભળે છે.

એ માળાનો થોડો ભાગ મોકળો કરે છે.



ચાલીસ મગરમચ્છના બચ્ચા

એના અંધારા માળામાંથી

સવારની રોશનીમાં બહાર નીકળે છે.

એ એની માઁ જેવાજ દેખાય છે.

પણ હજી એ ફક્ત નવ ઇંચ જ લાંબા
છે.



એ ટૂંકા પગલાં ભરીને એની માઁ
પાસે જાય છે.


એ ગળામાંથી મૃદુ, ઘેરો અસ્પષ્ટ
અવાજ કરે છે.

એ સાથે રહે છે.

થોડા દિવસ પછી માઁ

ભોજનની શોધમાં

પાણીમાં ગોથા લગાવે છે.





એ જુએ છે કે કોઈ કાળી વસ્તુ

એના તરફ આવી રહી છે.

એ બહુ શાંત થઈ જાય છે.

એ કાળી વસ્તુ માછલીઓનું ઝુંડ છે.

એ સમૂહમાં સેંકડો માછલીઓ છે.

એ વધારે નજીક આવતી જાય છે.

એની જાડી પૂંછડીની એક ઝાપટથી
માઁ થોડી માછલીઓને કિનારા પર ફેંકે છે.
પછી એ પાણીમાંથી બહાર નીકળે છે
અને માછલીઓને ચાવવાનું શરું કરે છે.
એના બચ્ચા માછલીઓના એ
નાના-નાના ટૂકડા ખાય છે
જે એની માઁ ના મોઢામાંથી નીકળે છે.






થોડા સમયમાં

બચ્ચા પોતાનું ભોજન શોધવા

લાગે છે.

એ મોટા થવા લાગે છે.





જયારે શિયાળો આવે છે,

ત્યારે બચ્ચા બખોલમાં આરામ કરે છે.

વસંત ઋતુમાં

દરેક યુવાન મગરમચ્છ


રહેવા માટે એનું સ્થાન શોધે છે.

લગભગ દસ વર્ષોમાં,

જો એ બીજા જાનવરો

અથવા શિકારીઓ દ્વારા માર્યા ગયા ન હોય,

તો મગરમચ્છ એની માઁ જેટલા મોટા થઇ જશે.





દક્ષિણના કળણમાં રહેવાવાળા

ઘણા પ્રકારના જાનવરોમાં થી એ એક હશે.



અંત